**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૭૭ ટકા

# રવિવારે જલારામ મંદિર સે. ૨૯ ખાતે બાપાની જન્મ જયંતિ ઉજવાશે

કારતક સુદ સાતમને રવિવારના રોજ જલારામ જયંતિ નિમિત્તે જલારામ મંદિર સે. ૨૯ ખાતે વિવિધ કાર્યક્રમ યોજાશે. સવારે ૬.૪૫ થી અખંડ ધૂન બાદ સવારે ૮ વાગ્યે શોભાયાત્રા જલારામ મંદિર સે. ૨૯થી નીકળી સે. ૭ સ્થિત ભોજલરામ મંદિર ખાતે પહોંચી મંદિર



પરત ફરશે. તથા સાંજે ૪ થી રાત્રે ૯ સુધી અન્નકૂટ દર્શન થશે. જલારામ બાપાની મહાઆરતી મંદિરમાં સાંજે ૬.૪૫ વાગે થશે. વીરપુર જતા પદયાત્રીઓનું અભિવાદન સાંજે ૭ વાગ્યે કરવામાં આવશે. ત્યારબાદ ૭.૧૫ કલાકથી મહાપ્રસાદનું આયોજન જલારામ સેવા સમાજ દ્વારા કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ સેવંતીલાલ ઠક્કર તથા મંત્રી અશોકભાઈ પોપટ દ્વારા શહેરીજનોને દર્શનનો લાભ લેવા જણાવાયુ છે.



જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા ત્રિદશાબ્દી ભક્તિવંદના મહોત્સવ તા. ૩ થી તા. ૧૦ નવેમ્બર સુધી સે. ૧૩-બી ખાતે યોજાનાર છે. ત્યારે આ અંગેની તડામાર તૈયારી સંસ્થા દ્વારા કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે જય અંબે પરિવાર દ્વારા વર્ષોથી ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી પગપાળા સંઘનું પણ આયોજન કરવામાં આવે છે.

# તહેવારને પગલે શહેરના રેસ્ટોરન્ટ તથા હોટલોમાં ભીડ

ગાંધીનગર, તા. ૧

દિવાળીના તહેવારોની રજાનો માહોલ શહેરમાં જોવા મળી રહ્યો છે. બહારગામથી આવતા પ્રવાસીઓ સાથે શહેરીજનોએ પણ શહેરની રેસ્ટોરન્ટ, ફાસ્ટફુડ સેન્ટર તથા હોટલમાં ભીડ જમાવી છે. શહેરના દરેક હોટલ અને રેસ્ટોરન્ટમાં ટેબલ બુકિંગ માટે વેઈટીંગ જોવા મળી રહ્યુ છે. એક પરિવારે લગભગ ૩૦ મિનિટ સુધી ટેબલ બુકિંગ મળે તેની રાહ જોવી પડે છે.

શહેરમાં દિવાળી અંગેનો માહોલ સૌથી વધારે શહેરની રેસ્ટોરન્ટ તથા હોટલોમાં જોવા મળી રહ્યો છે. આમ તો બીજા વેપારીઓ પોતાના ધંધાનું સુભ મુહૂર્ત દિવાળી બાદ લાભ પાંચમથી કરી રહ્યા છે. પરંતુ શહેરની રેસ્ટોરન્ટ તહેવારોમાં ખુલ્લી જ જોવા મળી રહી હતી. આ ઉપરાંત શહેરના રેસ્ટોરન્ટ તથા હોટલમાં ભીડ જોવા મળી રહી છે. એક ટેબલ બુક કરાવવા ઓછામાં ઓછી ૩૦ મિનિટ રાહ જોવી પડે છે ત્યારે વારો આવે છે. આ સાથે ભીડ વધતા પાર્કિંગની પણ સમસ્યા સર્જાઈ રહી છે. શહેરના ઘ-૫, ઘ-૨, સરગાસણ, ઈન્ફોસિટી, રિલાયન્સ ચોકડી, કુડાસણ જેવી ફૂટ સેન્ટર ધરાવતી જગ્યાએ પ્રવાસીઓ તથા શહેરીજનોની ભીડ જોવા મળી રહી છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૯.૩૦, ૧૨.૪૦, ૩.૫૦, ૪.૨૦, ૭.૦૦, ૧૦.૧૦

**ઉડજા ચમન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૦, ૧૦.૨૦

**સાંઢ કી આંખ**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૨૦

**મેડ ઈન ચાઈના** – ૧.૧૦

**વોર** – ૭.૧૦

## ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિયેશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિયેશનમાં સર્વાનુમતે નરેશ દવેની પ્રમુખ તરીકે અને ભવાનસિંહ વાઘેલાની મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત પેટરન સભ્ય તરીકે ભીખાભાઈ જયસ્વાલ, ખજાનચી નરેન્દ્રસિંહ વાઘેલા, ગાંધીનગર સીટી ઉપપ્રમુખ વિનોદભાઈ ચાવડા, દહેગામ ઉપપ્રમુખ ભવાનભાઈ પટેલ, કલોલ ઉપપ્રમુખ સતયેન્દ્ર પાલસિંહ ખંડુજા, માણસા ઉપપ્રમુખ કમલેશભાઈ ચૌધરી તથા ચાંદખેડા ઉપપ્રમુખ તરીકે શૈલેષભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.



જલારામ મહિલા મંડળ દ્વારા દિવાળી નિમિત્તે શહેરના ઝુંપડા વસાહતમાં બુંદી-ગાંઠીયાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ભગવાન મહાવીરને મોક્ષની પ્રાપ્તિ થઈ હતી જે દિવસને ભગવાન મહાવીરનો નિર્વાણ દિન તરીકે ઉજવાય છે. જેની ઉજવણી પેથાપુર સ્થિત સ્વપ્રવિલા-૩ ના દિગમ્બર જૈન ચૈતાલયમાં દિવાળીના દિવસે કરવામાં આવી હતી.

# અંબાજીથી અખંડ દિવ્ય જયોતની ગાંધીનગરમાં પધરામણી થશે

ગાંધીનગર, તા.૧

જય અંબે પરિવાર ટ્રસ્ટ-ગાંધીનગર દ્વારા આયોજિત ત્રિદશાબ્દી ભક્તિવંદના મહોત્સવના પ્રારંભિક પ્રસંગે 'મા' જગદંબાના નિજમંદિર અંબાજી ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે વાજતેગાજતે અંબાજીથી પ્રસ્થાન કરશે. આ ઉત્સાહી ટીમ અંબાજીથી સતત વણથંભી પદયાત્રા થતી ગણતરીના માત્ર ૨૯ કલાકમાં સુપેરે 'મા' અંબે



શક્તિપીઠ ખાતે અખંડ પ્રજ્વલિત પાવન દિવ્ય જયોત તેમજ ચાચરચોક પરિસરમાં પ્રાણ-પ્રતિષ્ઠા દેવાધિદેવ ભગવાન મહાદેવના ગર્ભગૃહની અખંડ દિવ્યજયોતને પણ પરિવારે શક્તિચોક ખાતે ઊભા કરેલ શિવશક્તિ મહાયોગના યજ્ઞમંડપ સ્થિત રથેશ્વરી સન્મુખ પધરાણણી કરાવવાના શુભાશયથી સુશોભિત રથ સમેત પરિવારના સમર્પિત ૫૦થી વધુ માઈજનો તારીખ ૩. તથા ભોળાનાથ મહાદેવ બંનેને પાવન દિવ્યજયોત સ્વરુપે રથેશ્વરીના રથમાં બિરાજમાન કરાવીને પદયાત્રા કરશે. આ સમગ્ર પદયાત્રા દરમિયાન માતાજીને સમયસર ફળોનું રસપાન, જળપાન, મેવા-મીઠાઈ, થાળ, મુખવાસ સાથોસાથ વખતસર આરતી અને સ્તુતિ-ધૂનના ઓજસ ફેલાવતા આરાધના કરશે તેમ લલિતભાઈ પટેલે જણાવ્યું છે.

# જિલ્લા હોમગાર્ડ્સ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દળ દ્વારા રાષ્ટ્રીય એકતા દિન નિમિત્તે સેક્ટર-૩૦ના મુક્તિધામ ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ, સત્યનારાયણ ભગવાનની કથા તથા જિલ્લા કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિને જિલ્લા કમાન્ડન્ટ તરીકે સફળતાપુર્વક બે વર્ષ પુર્ણ કરવા બદલ તથા મહારાષ્ટ્ર વિધાનસભા ચુંટણી બંદોબસ્ત સારી રીતે પુર્ણ કરવા બદલ શુભેચ્છા અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર રીટાબેન પટેલ, અતિથિ વિશેષ તરીકે એમ.જે.સોલંકી (નાયબ પોલીસ અધિક્ષક), કિરણભાઈ પરમાર (જિલ્લા કમાન્ડન્ટ સાબરકાંઠા), દિલીપસિહ પરમાર (માજી જિલ્લા કમાન્ડન્ટ અને સલામતી અધિકારી (GISF), જિલ્લાના સીનીયર સબ ઈન્સ્પેકટર અનિરૂધ્ધસિંહ જાડેજા તથા જિલ્લાના અન્ય સ્ટાફ ઓફીસર, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડિવીઝનલ કમાન્ડર સી. એમ. પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉમિયા માતાજી સંસ્થાનમાં જ્યોતિ સ્વરૂપે શક્તિ પધારશે

ગાંધીનગર, તા. ૧

જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગરની ૩૦ વર્ષની પૂર્ણતા પ્રસંગે આયોજન કરેલ ત્રિદશાબ્દી ભક્તિવંદના મહોત્સવ અંતર્ગત શિવશક્તિ મહાયજ્ઞના પ્રારંભે આરાસુર અંબાજી મુકામેથી શિવ અને શક્તિ જ્યોતિ સ્વરૂપે ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે તા. ૪ નવેમ્બર-૨૦૧૯ને બપોરના ૨ કલાકે પધારનાર છે. જેનું ભાવપૂર્વક સ્વાગત, સામૈયુ કરી ગરબાનો આનંદ માણી ભવ્ય શોભાયાત્રા બપોરના ૩ કલાકે ઉમિયા માતાજી મંદિરેથી પ્રસ્થાન થઈ સેક્ટર-૧૩-બીના શક્તિચોકમાં પધારશે.

આ પ્રસંગનો લાભ લેવા ઉમિયા માતાજી સંસ્થાનના મહામંત્રી ભોળાભાઈ પટેલ, પ્રમુખ ભરતભાઈ બી. પટેલ અને મંદિર ચેરમેન વિષ્ણુભાઈ પટેલ દ્વારા સર્વે સમાજના સ્નેહીજનો ઉપરાંત ગાંધીનગરના ધર્મપ્રેમીઓને ભાવસભર જણાવાયુ છે.

# ગાંધી કુટિર સ્ટાફ દ્વારા 'રન ફોર યુનિટી'





સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે દાંડી કુટિર મ્યુઝિયમ સ્ટાફ, ગાંધીનગર દ્વારા દાંડી કુટિરથી સરદાર પટેલ સ્ટેચ્યુ, ઘ-૪ સુધી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું અને દેશની એકતાના કર્મી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



**અસ્મિતાબેન રાજપુત**
મો. ૮૧૬૦૩ ૮૭૨૫૩



**ઉષાબેન એમ ચૌહાણ**
મો. ૯૬૬૪૭ ૨૦૭૧૮



**જૈનિલ ચિરાગ ગોહેલ**
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

## ચિરવિદાય

- સ્વ. પંચાલ અશોકભાઈ લલ્લુરામ, ઉ.વ. ૬૦
- સ્વ. શીલા દિક્ષીત, ઉ.વ. ૫૯
- રાઠોડ ભારતીબેન કફુરભાઈ,ઉ.વ. ૯૦
- સ્વ. રસીકભાઈ કાળીદાસ ચાવડા, ઉ.વ. ૭૨
- ત્રિકમલાલ નાજાભાઈ પંચાલ, ઉ.વ ૯૦
- જયંતિભાઈ દેવજીભાઈ વાઘેલા, ઉ.વ. ૫૦

# આઈઆઈટી દ્વારા યોજાઈ 'રન ફોર યુનિટી'







ગાંધીનગર, તા. ૧

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ગાંધીનગર દ્વારા 'નૅશનલ યુનિટી ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલી અર્પણ કરવા માટે 'રન ફૉર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું તથા રાષ્ટ્રીય એકતા માટેના શપથ પણ ગ્રહણ કરવામાં આવ્યા હતા. પ્રૉ. મધુમિતા સેનગુપ્તાએ સરદાર વિષયે વક્તવ્ય આપ્યું હતું અને તેમના જીવનના કેટલાક પ્રસંગોને ઉજાગર કર્યા હતા.

પ્રૉ. રૂપક બેનર્જી અને પ્રૉ. ગોપીનંદન કાલોન દ્વારા ધ્વજ દર્શાવી ૨.૩ કિમી લાંબી દોડને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સંસ્થાના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને ફૅકલ્ટીઝ મળીને ૨૫૦ જેટલાં દોડવીરોએ ઉત્સાહથી આ દોડમાં ભાગ લીધો હતો.